Gujarat Samachar

February 2, 2013
Page No. 1
(Plus)

# અફઘાનિસ્તાનના લઘુઉદ્યોગોને EDI ડેવલપ કરશે



છેલ્લાં કેટલાંક વર્ષોથી અફઘાનિસ્તાનમાં અસ્થિરતા જોવા મળતી હતી. પરંતુ હવે અફઘાનિસ્તાન ઈકોનોમિકલી સ્ટ્રોગ કન્ટ્રી બને તે હેતુથી અફઘાન ગવરમેન્ટ દ્વારા વિવિધ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યાં છે. અફઘાનિસ્તાનના સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ બિઝનેસને ગ્રોથ મળે તે હેતુથી ગાંધીનગર ખાતે આવેલા એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાં ૧૯ જેટલાં અફઘાનિસ્તાન ઓફિસરને એસ.એમ.ઈ.ની સ્પેશિયલ ટ્રેનિંગ અપાઈ હતી.

ઈન્ડિયા પાસે સ્મોલ એન્ડ મિડિયમ સેક્ટરનું અઢળક જ્ઞાન છે. ઉપરાંત ઈન્ડિયાની સ્મોલ એન્ડ મિડિયમ ઈન્ડસ્ટ્રીઝનું વિશાળ નેટવર્ક પથરાયેલુ છે. અફઘાનિસ્તાન ફરી સ્ટ્રોન્ગ નેશન તરીકે ઉભરે, સ્થાનિક લઘુઉદ્યોગને પ્રોત્સાહન, ગ્રોથ અને યોગ્ય સુશાસન વ્યવસ્થા ડેવલપ થાય તે માટે ઈન્ડિયન ગવરમેન્ટ અને અફઘાનિસ્તાન ગવરમેન્ટ દ્વારા સ્પેશિયલ આ ટ્રેનિંગ પ્રોગ્રામનું એરેન્જમેન્ટ કરવામાં આવ્યું હતું. આ અંગે વધુ જણાવતાં પ્રો. એસ.બી.સરીન કહે છે કે ઈન્ડિયા પાસે લઘુઉદ્યોગનું વિશાળ નેટવર્ક છે. ઉપરાંત આ સેક્ટરનો અનુભવ અને મોટા પ્રમાણમાં ઈન્વેસ્ટમેન્ટ જોવા મળે છે. ૧૯ જેટલાં અફઘાની અધિકારીઓને અમે સ્મોલ એન્ડ મિડિયમ સેક્ટર ઈન્ડિયામાં કેવી રીતે પથરાયું છે તે અંગે માહિતગાર કર્યાં અને વિવિધ જગ્યાએ વિઝિટ કરીને પ્રેક્ટિકલ જ્ઞાન પણ આપવામાં આવ્યું. દોઢ મહિનાના ટ્રેનિંગ પ્રોગ્રામમાં ઈન્ડિયન એસ.એમ.ઈ.ને શીખવી તેમની કન્ટ્રીમાં કેવી રીતે લઘુઉદ્યોગને ડેવલપ કરી શકાય તે અંગે ચોક્કસ રણનીતિ ઘડવાનું શીખવ્યું.'

> ‘અફઘાનિસ્તાનના સ્થાનિક લઘુઉદ્યોગનો વિકાસ થાય તે હેતુથી ઇન્ડિયન-અફઘાન ગવરમેન્ટ દ્વારા સ્મોલ એન્ડ મિડિયમ ઇન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટના ૧૯ જેટલાં અધિકારીઓને ગાંધીનગરમાં આવેલી ઇડીઆઇ ખાતે સ્પેશિયલ ટ્રેનિંગ અપાઇ હતી.

સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ(લઘુઉદ્યોગો)ના વિકાસ માટે અફઘાનિસ્તાન ગવરમેન્ટે છેલ્લાં એક વર્ષથી મિનિસ્ટ્રી ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ કોમર્સ દ્વારા સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ ડિપાર્ટમેન્ટની સ્થાપના કરવામાં આવી. અફઘાનિસ્તાનનો મોટાભાગનો બિઝનેસ એગ્રીકલ્ચર પર ડિપેન્ડેબલ છે. પરંતુ મોટાભાગની એગ્રીકલ્ચર લેન્ડનો યુઝ થતો નથી. આથી સ્થાનિકમાં ઉત્પાદિત થતા ડ્રાયફ્રૂડની વિવિધ વેરાયટીને યોગ્ય માર્કેટ મળી રહે અને તેની સાથે લઘુઉદ્યોગને સાંકળીને નાના પાયા પર કામ કરતાં લોકોને રોજગારી પુરી પડે. સાથે સાથે સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝને પણ પ્રોત્સાહન મળે. આ અંગે વધુ જણાવતાં અફઘાનિસ્તાનના એસ.એમ.ઈ. અધિકારી ફઝૈલ રહેમાન ઉમેદ કહે છે કે અફઘાનિસ્તાનમાં ડ્રાયફ્રૂડ વધુ પાકે છે. પરંતુ તેને ઈન્ટરનેશનલ માર્કેટ મળી રહે તે માટે કોઈ ચોક્કસ ગાઈડલાઈન અમારી પાસે ન હતી. પરંતુ અહીં ઈડીઆઈ ખાતે અમે સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝનું સ્ટ્રક્ચર, સ્થાપના, ડેવલપમેન્ટ અને કેવી રીતે મેનેજમેન્ટ કરવું વગેરે જેવી તમામ બાબતને શીખ્યા. જો પેકેજીંગ સુંદર રીતે કરવામાં આવે તો પ્રોડક્ટ વેચાય છે.

ગુજરાતીઓ પહેલેથી જ વેપારમાં અવ્વલ છે. તેથી વેપારને કેવી રીતે વિકસાવવો એની ઉત્તમ તકનીક શીખવી હોય તો ગુજરાતનો સહારો લેવો જોઈએ. અફઘાનિસ્તાનમાં ડ્રાયફ્રૂડ પુષ્કળ પ્રમાણમાં થાય છે તેથી આ બીઝનેસને વિકસાવવા માટે અમારે ગુજરાત આવવું પડ્યું. અહી અમે બીઝનેસ સ્ટાઈલ શીખેને અફઘાનિસ્તાનના ડ્રાયફ્રૂડને વિદેશમાં ફેલાવીશું.

## ફ્યુચર ઓફ અફઘાન SMEs

અફઘાનિસ્તાનથી આવેલા ૧૯ જેટલાં અધિકારીઓએ ઈન્ડિયન સ્મોલ એન્ડ મિડિયમ એન્ટપ્રાઈઝીસના મોડેલનો અભ્યાસ કરી અફઘાનિસ્તાનમાં કેવી રીતે સ્મોલ એન્ડ મિડિયમ ઈન્ડસ્ટ્રીઝને ડેવલપ કરશે તેના અંગે પ્રેઝન્ટેશન કર્યું હતું. આવનાર વર્ષોમાં અફઘાનિસ્તાનના લઘુઉદ્યોગનો વિકાસ ઈન્ડિયન લઘુઉદ્યોગ જેવો જ હશે. પરંતુ અફઘાનિસ્તાન ગવરમેન્ટે એસએમઈ ડિપાર્ટમેન્ટમાં એક યુવાન અને એક અનુભવી ઓલ્ડ એજ વ્યક્તિને ગોઠવીને આખો ડિપાર્ટમેન્ટ વિકસાવ્યો છે. જે આખા અફઘાનિસ્તાનમાં લઘુઉદ્યોગના વિકાસ, સ્થાપના, માર્કેટિંગ, મેનેજમેન્ટ જેવી તમામ બાબતોનું ધ્યાન રાખશે. અફઘાન અધિકારી ફઝૈલ રહેમાને ફ્યુચર ઓફ અફઘાન એસએમઈ અંગે ચોક્કસ રોડમેપ તૈયાર કર્યો હતો જેના વિશે વાત કરતાં જણાવે છે કે અફઘાનિસ્તાનના એગ્રીકલ્ચર સેક્ટર, ક્રાફ્ટ સેક્ટર, જીમસ્ટોન સેક્ટર અને કસ્મીરા સેક્ટરને સૌ પ્રથમ ડેવલપ કરીશું. એગ્રીકલ્ચરમાં માત્ર ૬ ટકા જેટલી લેન્ડનો ઉપયોગ થાય છે. જ્યારે ટ્રેડિશનલ અફઘાની ક્રાફ્ટ સાથે ૧ મિલિયન લોકો જોડાયેલા છે. જે બીજા નંબરનો મહત્વનો લઘુઉદ્યોગ છે. કાબુલ, જલાલાબાદ, મઝાર તેના મહત્વના કેન્દ્રો છે. ઉપરાંત પ્રોડક્ટ, ડિઝાઈનિંગ અને પેકેજીંગ મહત્વના પરિબળ છે. સાથે સાથે એસએમઈ માટે પ્રોફેશનલ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના પણ કરવામાં આવશે જેથી આવનારી પેઢી એસએમઈ સેક્ટર અંગે નોલેજેબલ બને અને લઘુઉદ્યોગો દ્વારા અનેક રોજગારીની તકો ઉભી થાય.